૮૦૧ / ૮૭૫

બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા

સત્સંગ શિક્ષણ પરીક્ષા (પૂર્વ કસોટી - ૧૭ જૂન, ૨૦૦૭)

(સમય : સવારે ૯ : ૦૦ થી ૧૨ : ૦૦) **સત્સંગ પ્રાજ્ઞ - ૨ : પ્રશ્નપત્ર - ૧** (કુલ ગુણ : ૧૦૦)

**નોંધ :- જમણી બાજુએ આપેલ અંક જે તે પ્રશ્નના ગુણ દર્શાવે છે.**

## વિભાગ - ૧ : 'વચનામૃત'ના આધારે

**પ્રશ્ન.૧. નીચેનામાંથી કોઈપણ ત્રણ સૈદ્ધાંતિક વાક્ય, દૃષ્ટાંત કે વિષય પર મુદ્દાસર નોંધ લખો.** (ગુણ ૨૧)

૧. પુરુષોત્તમ નારાયણ જેવો થવાને તો કોઈ સમર્થ નથી.
૨. પંચવિષયરૂપી રોગનું ઔષધ.
૩. દરિદ્રીનું દૃષ્ટાંત અને તેનું હાર્દ
૪. શ્રીહરિના મતે કર્મમાં અકર્મ અને અકર્મમાં કર્મ
૫. ગાડાનું દૃષ્ટાંત અને તેનો સિદ્ધાંત

**પ્રશ્ન.૨. નીચેનાં અવતરણોની પૂર્તિ કરો અને વચનામૃતનો ક્રમાંક ટાંકો.** (ગુણ ૧૫)

૧. માટે ભગવાનની આજ્ઞાએ ........ આવીને નિવાસ કરે છે.
૨. જયારે એ જીવને સંતનો ........ ખોખા જેવું થઈ જાય છે.
૩. અને જેને પૂર્વજન્મમાં ........ પણ ડગમગાટ થાય નહિ.
૪. જે ગૃહસ્થ હોય ........ મોટેરો જાણવો.
૫. માટે જે સ્વરૂપનિષ્ઠા રાખે ........ ભેળી ધર્મનિષ્ઠા પણ દઢપણે રહેશે.

**પ્રશ્ન.૩. નીચેનામાંથી કોઈપણ એક વિષય પર અભ્યાસક્રમના વચનામૃતનો ક્રમાંક નોંધી બે અવતરણો લખો.** (ગુણ ૪)

૧. એકાંતિક ભક્તનાં લક્ષણો
૨. શ્રીજીમહારાજે સ્વમુખે કરેલી સ્વમહિમાની વાતો

## વિભાગ - ૨ : 'સ્વામીની વાતો'ના આધારે

**પ્રશ્ન.૪. નીચેના પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** (ગુણ ૫)

૧. બાની મળી ત્યારે ગોવિંદ સ્વામીને શો વિચાર આવ્યો ?
૨. શેને કરીને જીવનું અતિશય ભૂંડું થાય છે ?
૩. અજ્ઞાન છે ત્યાં સુધી શેને વિષે સુખ મનાય છે ?
૪. સારંગ. - ૧૭ વચનામૃત સ્વામીએ શાના ઉપર વંચાવ્યું ?
૫. બાર ગુણે યુક્ત બ્રાહ્મણ કરતાં ભગવાનનો ભક્ત શ્વપચ કેમ શ્રેષ્ઠ છે ?

**પ્રશ્ન.૫. કૌંસમાં આપેલા વિકલ્પોમાંથી સાચો જવાબ શોધી ખાલી જગ્યા પૂરો.** (ગુણ ૫)

૧. આવરદા તો ................. વરસથી વધુ નથી. (અઠ્ઠાવન, સત્તાવન, એકાવન)
૨. ..................... ના ગુણ તો, તો આવે જો એવાને નિર્દોષ સમજે ને સર્વજ્ઞ જાણે. (સત્પુરુષ, મોટા, સંત)
૩. પણ મીઠા જળના મહાસમુદ્ર જેવો આ ............ તેમાં રહીને લીલો પલ્લવ થાતો નથી. (સમાગમ, સત્સંગ, સંસાર)
૪. હું ................ પ્રગટ થયો છું ને આ સર્વે કમળ મારા સામું જોઈ રહ્યાં છે. (પૂર્ણ પુરુષોત્તમ, સદ્‌ગુરુરૂપી સૂર્ય, અવતારનો અવતારી)
૫. જેને એવી ................ ન હોય, તેને તો અનેકજન્મસંસિદ્ધસ્તતો યાતિ પરાં ગતિમ્ ॥ (સમજણ, શ્રદ્ધા, દૃષ્ટિ)

**પ્રશ્ન.૬. અભ્યાસક્રમની 'સ્વામીની વાતો'ના આધારે નીચેનામાંથી કોઈપણ એક વિષે વિસ્તૃત નોંધ લખો.** (ગુણ ૧૦)

૧. સત્સંગ
૨. ત્રણ દેહ જીતવાનો ઉપાય
૩. વચનામૃતના સઘન અભ્યાસી ગુણાતીતાનંદ સ્વામી

## વિભાગ - ૩ : 'ભગવાન સ્વામિનારાયણ ભાગ - ૧ તથા ૨' નવી આવૃત્તિના આધારે

**પ્રશ્ન.૭. નીચેનામાંથી કોઈપણ એક વિષય પર નિબંધ લખો.** (ગુણ ૨૦)

૧. નીલકંઠવર્ણીના ચરિત્રોમાંથી ફલિત થતું સર્વાવતારીપણું
૨. ગુજરાતના મુમુક્ષુઓની ભક્તિ સ્વીકારતા નીલકંઠ
૩. નિષ્કામી શ્રીહરિ

**પ્રશ્ન.૮. નીચેનામાંથી કોઈપણ બે વિષે મુદ્દાસર નોંધ લખો.** (ગુણ ૨૦)

૧. સોરઠમાં શ્રીહરિનું વિચરણ
૨. લોજમાં નીલકંઠે કરેલા ચમત્કારો
૩. ભ્રમણા ભાંગી રે હૈયાની.... મુક્તાનંદ સ્વામીની સ્વાનુભૂતિ
૪. બોચાસણ શ્રીહરિનું લક્ષ્ય

**નોંધ :- ઉપરોક્ત તમામ પ્રશ્નોમાંથી ઓછા-વત્તા (થોડા-ઘણા) પ્રમાણમાં પ્રશ્નો તા. ૧૫ જુલાઈ, ૨૦૦૭ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પણ પુછાવાની શક્યતા રહેલી છે.**

---

**પ્રતિ,**

**પરીક્ષા વ્યવસ્થાપક (તા. ૧૭ જૂન, ૨૦૦૭; પરીક્ષા : સત્સંગ પ્રાજ્ઞ-૨(૧); માધ્યમ : ગુજરાતી; સમય : સવારે ૯ : ૦૦ થી ૧૨ : ૦૦)**

સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ દ્વારા કરવામાં આવેલ પૂર્વ કસોટીના આયોજનમાં મેં જાતે વર્ગમાં (બેઠકખંડમાં) હાજરી આપીને પરીક્ષા આપી છે અને નીચેની વિગતો મેં સાચી ભરેલી છે તે આપ જાણશો. ૮૦૧

પરીક્ષાર્થીની અટક :- 
પરીક્ષા આપી તે તારીખ :-
પરીક્ષાર્થીનું નામ :-
પરીક્ષા આપી તે સમય :-
પિતા / પતિનું નામ :-
બેઠક ક્રમાંક :-
પરીક્ષા સ્થળનું નામ :-
કેન્દ્ર નંબર :-
પરીક્ષાર્થીની સહી :-
કેન્દ્રનું નામ :-

**નોંધ :- ફક્ત વર્ગમાં હાજર રહેલા પરીક્ષાર્થીઓએ જ ભૂલ્યા વગર આ હાજરીસ્લીપ કાપીને, તેમાં માગ્યા મુજબની વિગતો ભરીને, તેમના કેન્દ્ર વ્યવસ્થાપકને પરત આપવાની છે. ફક્ત વર્ગમાં હાજર રહેલા તમામ પરીક્ષાર્થીઓની હાજરીની સ્લીપો ભેગી કરીને, તેની સંખ્યા પૂર્વ કસોટીના અહેવાલમાં લખીને, સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ ખાતે પરત જમા કરાવવાની છે.**